# કેતનને જન્મટીપની સજા થઈ હતી તો પણ વૈદેહી લગ્ન કરવા તૈયાર હતી




10 વાગી ગયા હતા. પોલીસે પોતાનું મોટા ભાગનું કામ, સ્થળ, પંચનામું કેતનની બેરેકમાં રહેલા કેદીઓના નિવેદન લઈ લીધા હતા. કેતનની હત્યા જીગા અને મોન્ટુએ જ કરી હોવાનું સ્પષ્ટ થઈ ગયું હતું. તેમને પણ પોલીસે પકડી સિંગલ બેરેકમાં મૂકી દીધા હતા. આમ મંગો, જીગો અને મોન્ટુ હવે એકલા પોતાની ખોલીમાં હતા. જીગા અને મોન્ટુએ પણ પોતાનો ગુનો કબૂલી લીધો હતો. પોલીસનું કામ પૂરું થતાં બંદી ખોલી તમામ કેદીઓની બેરેક ખોલી દેવામાં આવી હતી. આખી જેલમાં કેતનના મર્ડરની જ ચર્ચા હતી. મહંમદ બેરેકની બહાર આવ્યો. તેણે વોર્ડનને પૂછ્યું શું થયું? ત્યારે વોર્ડને પહેલાથી છેલ્લા સુધી ખરેખર શું બન્યું તેની વિગત કહી હતી. મહંમદ વિચારમાં પડી ગયો હતો. જો જેલમાં ધારદાર ચાકુ આવી શકે તો બીજું ઘણું બધું આવી શકે. મહંમદ શું વિચારી રહ્યો હતો તેની કોઈને કલ્પના નહોતી. જેલમાં જે પ્રકારનો માહોલ હતો તેના કારણે જેલમાં ચાલતા ઉદ્યોગ અને ભણવાના ક્લાસ એક દિવસ માટે બંધ કરી દેવામાં આવ્યા હતા. આજે તેઓ ભણવા જવાના નહોતા એટલે મહંમદ અને તેમના સાથીઓને વોર્ડની બહાર નીકળવા મળવાનું નહોતું, જેનો રંજ લગભગ મહંમદ અને તેના સાથીઓના ચહેરા ઉપર જોઈ શકાતો હતો. સવારની ચા પણ 10 વાગે અને સવારની 7 વાગ્યે તૈયાર થયેલી ચા 10 વાગ્યે આવી ત્યારે ગૌમૂત્ર જેવો સ્વાદ થઈ ગયો હતો તો પણ યુસુફ પૂરા ટેસથી ચા પી ગયો હતો. ચા મોડી આવવાને કારણે તેનું માથું ભમવા લાગ્યું હતું. થોડી વારમાં ચાની પાછળ જમવાનું પણ આવી ગયું. જો કે આજે બધા કેદીઓના દિવસની શરૂઆત સારી રીતે થઈ નહોતી જેના કારણે જમવામાં પણ કોઈને ખાસ રસ નહોતો. 11 વાગ્યા ત્યાં તો અચાનક જેલમાં જેલ પોલીસની ચહલપહલ વધી ગઈ. કેદીઓને પોલીસની વધારે સંખ્યા જોતા ફરી કંઈક થયું કે શું તેવી શંકા ગઈ પણ તરત વોર્ડને શંકાનું સમાધાન કરતા કહ્યું IGP સાહેબનો જડતી સ્કવોર્ડ આવ્યો છે. જડતી સ્કવોર્ડ એક એક બેરેકમાં જઈ કેદીઓના સામાન અને બેરેકના ખૂણાખાંચરા તપાસી રહ્યો હતો. કારણ જેલમાં મંગા પાસે હથિયાર આવી ગયા તો બીજા કેદીઓ પાસે પણ હથિયાર હોઈ શકે છે તેવી શંકાને આધારે આખી જેલમાં એક એક બેરેકમાં જડતી શરૂ કરી દેવામાં આવી હતી.

મહંમદના વોર્ડની સંભાળ રાખતો કેદી વોર્ડન પહેલાં કેતનની બેરેકમાં રહેતો હતો. બપોરની બંદી પછી તે કેતનની વાત કહેવા લાગ્યો ત્યારે મહંમદ અને તેના સાથીઓ સહિત બીજા કેદીઓ પણ વોર્ડનની વાત સાંભળવા બેસી ગયા હતા. કેતનને ખૂન કેસમાં જન્મટીપની સજા પડી પછી વૈદેહીએ પોતાની કોલેજ પૂરી કરી અને તરત નોકરીએ લાગી ગઈ હતી. બીજી તરફ વૈદેહીનો પરિવાર તેને લગ્ન કરવા દબાણ કરી રહ્યો હતો. પહેલાં તો ઘણો સમય વૈદેહીએ કેતન સાથેના પ્રેમની વાત છુપાવી રાખી હતી પણ લગ્નનું દબાણ થતાં વૈદેહીએ ધડાકો કર્યો હતો કે લગ્ન કરીશ તો કેતન સાથે જ બાકી કુંવારી રહીશ. વૈદેહીના પરિવાર માથે આભ તૂટી પડ્યું હતું. પોતાની દીકરી એક ખૂની સાથે લગ્ન કરવા માગતી હતી જેને જન્મટીપની સજા થઈ છે. પરિવારે તેને ખૂબ સમજાવી પણ તે એકની બે થઈ નહીં. એક દિવસ મુલાકાતમાં આવેલી વૈદેહીએ કેતનને પૂછ્યું, ‘‘બોલ મારી સાથે લગ્ન કરીશ?’’ આ સાંભળી કેતન પણ સ્તબ્ધ થઈ ગયો હતો. કેતન પણ જાણતો હતો કે હવે તે જેલમાંથી ક્યારે છૂટશે તેની તેને ખબર નહોતી અને જન્મટીપની સજા થયેલા ગુનેગાર સાથે કોઈ લગ્ન કરે? કેતને પણ તેને સમજાવી કહ્યું કે, ‘‘તારા ઘરવાળા બતાડે તેવા સારા છોકરા સાથે સંસાર શરૂ કરી દે.’’ ત્યારે વૈદેહી ખૂબ રડી હતી. તેણે કેતનને ધમકી આપી હતી કે તું લગ્ન કરીશ નહીં તો હું આત્મહત્યા કરીશ પછી વૈદેહી જ્યારે પણ જેલ મુલાકાતમાં આવતી ત્યારે કેતનને લગ્ન ક્યારે કરીશ તેવું પૂછ્યા કરતી હતી. આખરે થાકીને કેતને લગ્ન કરવાની તૈયારી

**ભાગ 18**

> **કેતનની સજાને 10 વર્ષ પૂરાં થઈ 11 વર્ષ થયાં હતાં તેના કારણે તેને આશા બંધાઈ હતી કે તે જલદી જેલમાંથી છૂટશે અને એક નવી જિંદગીની શરૂઆત કરશે પણ કેતન સાથે કુદરત કાયમ મશ્કરી કરતી હતી**

**દીવાલ**
પ્રશાંત દયાળ

બતાડી હતી.

જ્યારે વૈદેહીએ કેતન સાથે લગ્ન કરે છે તેવી જાહેરાત પોતાના ઘરે કરી ત્યારે તેના પિતાએ તેને ઘર છોડી દેવા જણાવ્યું હતું. વૈદેહીએ કેતન સાથે લગ્ન કરવું જોઈએ નહીં તે માટે કેતનનાં મમ્મી-પપ્પાએ પણ તેને સમજાવી પણ તે માની નહીં. આખરે કેતન સાથે તેના લગ્ન નક્કી થયા હતા. લગ્ન માટે કેતનને જેલ IGPએ પોલીસ જાપ્તા સાથે 3 દિવસની પેરોલ આપી હતી. વૈદેહી પોતાના ઘરેથી નીકળી કેતનનાં મમ્મી-પપ્પા પાસે આવી ગઈ હતી. વૈદેહીનું કન્યાદાન પણ કેતનનાં મમ્મી-પપ્પાએ કર્યું હતું. આ પહેલું લગ્ન હતું જેમાં વરરાજા સાથે જાન આવે તેના બદલે હથિયારધારી પોલીસ આવી હતી. લગ્ન પછી વૈદેહી કેતનનાં મમ્મી-પપ્પા સાથે રહેતી હતી. કેતન અને વૈદેહીની પ્રેમકહાની અને લગ્ન સુધીની સફર જેલમાં મોટા ભાગના તમામ જૂના કેદીઓને ખબર હતી. વોર્ડનની વાત સાંભળી પરવેઝે વચ્ચે રોકતા પૂછ્યું, ‘‘કોઈ લડકી ઐસા ભી પ્યાર કર શકતી હૈ?’’ વોર્ડન જવાબ આપે તે પહેલાં મહંમદ થોડું હસ્યો અને તેણે જવાબ આપ્યો, ‘‘ઐસા પ્યાર ઔરત હી કર શકતી હૈ, મર્દ નહીં.’’ યુનુસ સમજી ગયો કે મહંમદ પોતાની બેગમ આયતના સંદર્ભમાં આવું કહી રહ્યો છે. વોર્ડને કહ્યું કે છેલ્લાં દસ વર્ષથી કેતનની પત્ની વૈદેહી નિયમિત કેતનને મળવા માટે આવતી હતી. કેતને પણ તેને ખાતરી આપી હતી કે જેલમાંથી છૂટ્યા પછી તે ક્યારેય કોઈ ખોટું કામ નહીં કરે.

હત્યાની આગલી સાંજે કેતન મુલાકાતમાં વૈદેહીને મળી આવ્યો ત્યારે ખૂબ ખુશ હતો. તેણે બીજા કેદીઓને પણ જ્યારે સમાચાર આપ્યા ત્યારે તેઓ પણ ખુશ થઈ ગયા હતા. વૈદેહી ગાંધીનગર ગૃહ વિભાગમાં ગઈ હતી ત્યાંથી સમાચાર મળ્યા હતા કે ગુજરાત સરકાર જે કેદીઓએ 10 વર્ષની સજા કાપી હોય તેમની ગાંધી જયંતી નિમિત્તે બાકીની સજા માફ કરવાની છે. કેતનની સજાને 10 વર્ષ પૂરાં થઈ 11 વર્ષ થયાં હતાં તેના કારણે તેને આશા બંધાઈ હતી કે તે જલદી જેલમાંથી છૂટશે અને એક નવી જિંદગીની શરૂઆત કરશે પણ કેતન સાથે કુદરત કાયમ મશ્કરી કરતી હતી. તેણે જ્યારે પણ જિંદગીને બદલવાનો નિર્ણય કર્યો ત્યારે કુદરત તેનો નિર્ણય બદલી નાખતી હતી. કેતનને મોડે સુધી ઊંઘવાની ટેવ હતી, તે દિવસે પણ બંદી ખૂલી ત્યારે મોટા ભાગના કેદીઓ ઊઠી ગયા હતા પણ કેતન સૂઈ રહ્યો હતો. બાજુની બેરેકમાં મંગા સાથે રહેતો જીગો અને મોન્ટુ બંદી ખૂલ્યા પછી હાથમાં છરા સાથે દોડતા કેતનની બેરેકમાં આવ્યા અને કેતન ઉપર પાગલની જેમ તૂટી પડ્યા હતા. એક પછી એક ઘા વાગતા ગયા અને કેતન હુંકારો પણ બોલાવી શક્યો નહીં. કેતન જેલમાંથી છૂટવાનો વિચાર કરી રહ્યો હતો પણ તેની જિંદગીએ જ તેને અલવિદા કહી દીધું હતું. વોર્ડન પોતાની વાત પૂરી કરી ઊભો થયો ત્યારે અબુએ વોર્ડનને પૂછ્યું, ‘‘અબ ઉસકી બીબી વૈહેહી કા ક્યા હોગા?’’ અબુ જેવો ખૂંખાર કેદી વૈદેહીના પ્રેમ અને બલિદાનની વાત સાંભળી અંદરથી હચમચી ગયો હતો. અબુ કેરળનો હતો, તેને ભાષાની તકલીફ પડતી હોવાને કારણે તે ઓછું બોલતો હતો પણ તેને વોર્ડને ગુજરાતીમાં કરેલી વાત સમજાઈ ગઈ હતી કારણ વેદનાને પોતાની કોઈ ભાષા હોતી નથી.

(ક્રમશઃ)

# ‘મેડમ સર’ બિહારનાં પ્રથમ મહિલા IPS અધિકારી મંજરી જરૂહરનાં જીવન અને સમય પર પુસ્તક!



મેડમ સર પુસ્તકનું નામ તો છે પણ હકીકતમાં એક મહિલા પોલીસ અધિકારીએ વિપરીત સંજોગો અને ભેદભાવ વચ્ચે પોતાની ફરજ અદા કરી એક સમ્માન જનક સંબોધન મેળવ્યું એ જ જીવનકવનનું પૃષ્ઠ બન્યું જ્યાં સુધી ગણવેશમાં રહ્યા ત્યાં સુધી અને તે પછી પણ મંજરી જરૂહરે હંમેશાં મેડમ સર તરીકે શિસ્તબધ્ધ છાપમાં રહ્યાં! પ્રકાશિત આત્મકથામાં આમ તો ઘણાં પૃષ્ઠો છે જે બિહારની કાયદાની વ્યવસ્થા, રાજકારણ અને મહિલાઓ માટે ઉચ્ચપદ સુધી પહોંચવાની દાસ્તાન છે પણ કેટલાંક બનાવો જે મંજરી જરૂહરેનાં કાર્યકાળ દરમ્યાન બન્યાં તે દેશભરમાં ચર્ચાયા જેમ કે ભાગલપુર બ્લાઈંડિંગ્સ, 1984નાં શીખ વિરોધી રમખાણો અને બિહારમાં લાલુ પ્રસાદનાં શાસન જેવી મહત્ત્વપૂર્ણ ઘટનાઓની પૃષ્ઠભૂમિ સામે ફરજ! ‘મેડમ સર’ એ મહિલાની આંખો દ્વારા IPSમાં આંતરિક દેખાવ છે. તેને વિભાગમાં મેડમ સર કહેતાં પણ મંજરી જરૂહરેએ તે મોભો કાબેલિયત અને બિહારના રાજકીય કાવાદાવાથી અલિપ્ત રહી સ્થાપિત કર્યો!

બિહારમાં સામાન્ય ધોરણે પોલીસ કેડર તરીકે જોડાવવું સહેલું નથી. ઘટનાઓના અણધાર્યા વળાંકે મંજરીનાં માતાપિતાએ તેમના માટે યોજના બનાવી હતી તે ગૃહિણીની ભૂમિકાને ખલેલ પહોંચાડ્યા પછી મંજરી જરૂહરે દેશનાં ચુનંદા પોલીસ કેડરમાં જોડાનાર બિહારની પ્રથમ મહિલા બનવા માટે નડતાં અસાધારણ અવરોધોને દૂર કર્યા! એક મહિલા હોવાથી હિંમત, સ્થિતિસ્થાપકતા અને નેતૃત્વમાં એક માસ્ટરક્લાસ તેમણે તેમના સહકાર્યકરો સાથે અને સર્કલ વચ્ચે દેખાડ્યો, અવિશ્વાસ અને ઉપહાસની નજરે જોવામાં આવ્યાં છતાં અડગ રહી વિકાસ કર્યો મેડમ સરમાં ભારતીય પોલીસ સેવાનાં ટોચનાં સ્થાનો પર આશ્રય આપવામાં આવેલી છોકરીના ઉદભવનું ઉત્તેજક વર્ણન છે. રમખાણો અને બિહારમાં લાલુ પ્રસાદના શાસન જેવી નોંધપાત્ર ઘટનાઓની પૃષ્ઠભૂમિ સામે ચુસ્ત અને અદબ સાથે મેડમ સર એક મહિલાની નજરથી, એક IPSની નજરે ભીતરના ભાગ જુએ છે.

આ એક એવી કથા છે જે મહિલાઓને, તેમનાં સપના સાકાર કરવાં અનુસરવા માટે પ્રેરણા આપશે અને અશક્ય ઊંચાઈ સુધી પહોંચવાની ભાવનાથી સમાજને પ્રેરણા આપશે. તેમને મેડમ સર તરીકે સંબોધવામાં આવી હતી તે હકીકત સ્વ-સ્પષ્ટ છે કે તેણે તમામ અવરોધો સામે લડવું પડ્યું અને અવરોધક તત્વોને નજરઅંદાજ કરી રસ્તો પાર કરવો પડ્યો. આવી પડકારજનક પરિસ્થિતિઓમાં, ભલભલાં પોલીસ અધિકારીઓ બિહારમાં ઘણી વાર નિરાશ થયાં છે!ચોપડે નોંધાયેલા છે! પરંતુ મંજરીએ ક્યારેય એવું કર્યું નથી. સાહસિકતા સાથે બાંધછોડ કદી કરી નથી. આ પુસ્તક વાસ્તવિક ભારત કેવું છે અને તે કેવું હોઈ શકે છે તેની શક્તિશાળી સમજ આપે છે. પ્રથમ વખત ઘરની બહાર નીકળતી મહિલાઓ માટે એક મોટી પ્રેરણા છે! પ્રકાશનની ઘોષણા કરતાં લેખિકાએ કહ્યું, ‘હું આશા રાખું છું કે મારી વાત દરેક યુવાન છોકરી અથવા કામ કરતી મહિલા તેનાં હૃદય પર વિશ્વાસ કરશે અને તેમને સૌથી મોટી મુશ્કેલીઓનો સામનો કરવા માટે તેણીનાં જીવનની જવાબદારી સંભાળવાની નૈતિક હિંમત આપશે.’




મંજરી જરૂહર ભારતની પ્રથમ પાંચ મહિલા પોલીસ અધિકારીઓમાંની એક અને બિહાર રાજ્યની પ્રથમ છે. મંજરી જરૂહરને 1976માં ભારતીય પોલીસ સેવા (IPS), ભારતીય સિવિલ સર્વિસની ચુનંદા અપરાધ નિવારણ અને કાયદા અમલીકરણ કેડર માટે પસંદ કરવામાં આવ્યાં હતાં અને બિહાર અને ઝારખંડની રાજ્ય સરકારોમાં નેશનલ પોલીસ એકેડમી (NPA), CISF અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ(CRPF) અપરાધ સામે લડવાથી લઈને એક વિશાળ સંસ્થાનું સંચાલન કરવા સુધી મંજરી જરૂહરે પરંપરાગત રીતે પુરુષો દ્વારા પ્રભુત્વ ધરાવતાં ક્ષેત્રમાં અનુકરણીય નેતૃત્વ દર્શાવ્યું છે. તેણી મેરીટોરીયસ સર્વિસ માટે ભારત સરકારનાં પોલીસ મેડલ અને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ મેળવનાર છે! યુનિફોર્મમાં ગામડાઓમાં જવું, દરોડા પાડવાં સહાયકોને આગળથી લઈ જવાં અને પહેલા દિવસથી ચાર્જ સંભાળવો એ બધા મૂલ્યવાન અનુભવો હતાં જે તેમનો આત્મવિશ્વાસ વધારવા માટે ઉપયોગી નીવડયાં ઉપરાંત એક કઠિન પોલીસ અધિકારી તરીકે છબી ઊભી કરી. સારા નસીબે તે અનુભવી શકયાં કે તેમની ટીમ તેમનાં તરફ માન સાથે જોવાં લાગી છે અને એક અધિકારી અને નેતા તરીકે સ્વીકારી રહી છે. ઉપરી અધિકારીઓ કોઈ ગહન વિષય કે મુદ્દો તદ્દન શેર કરતા ન હતા! પટનાની બહાર દાનાપુર અર્ધ-શહેરી અને ગ્રામીણ વિસ્તારો સાથેનો એક મોટો પેટાવિભાગ છે. જાન્યુઆરી 1980માં આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ દાનાપુર તરીકે પોસ્ટ કરવામાં આવેલ કે તરત જ તે જાણતાં અને સમજતાં હતાં કે વરિષ્ઠ અધિકારીઓ, સ્થાનિક થાણા તેમજ ગૌણ હોદ્દેદારો સમક્ષ જાતને ઝડપથી સાબિત કરવી પડશે કે કોઈ પણ પુરુષ IPS અધિકારીની જેમ

**પવન શતરંગી**
મુકેશ ઠક્કર

તત્પર ફીલ્ડ જોબ કરવા સક્ષમ છે! મંજરીએ તે કેટલાંક ઝીણવટભર્યા કેસવર્ક જાડી ત્વચા અને સ્ત્રીનાં અંતર્જ્ઞાન દ્વારા સંચાલિત કર્યું. તે દિવસે બપોરે પાલીગંજ પોલીસ સ્ટેશન હેઠળનાં રામપુર નાગવા ગામમાંથી હત્યાની જાણ હેઠળનાં પોલીસ સ્ટેશનમાં થઈ મૃતદેહ ખેતરમાં જેમાં પાક સાથે હાથ નીકળ્યા હતા. એક વૃદ્ધ ઈન્સ્પેક્ટર સિંહા સાથે હતા. તાલીમમાંથી ફ્રેશ થવું, ટીમને રીતે કેવી કરવા, પ્રદર્શનને લેબલ કરવાની રીત અને તેને મોકલવા માટેની યોગ્ય અન્ય અધિકારીઓએ કુતૂહલપૂર્વક જોયાં કરે છેવટે તેઓ પ્રભાવિત થયા કે મંજરી તપાસની વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે ઘણું જાણે છે! ફૂટપ્રિન્ટ શોધવી ખૂબ જરૂરી હતી પરંતુ શંકાસ્પદની જરૂર હતી. તપાસ કરવાનું નક્કી કર્યું કે પીડિતા જમીનનાં વિવાદમાં ફસાયેલી છે કે ગામમાં કોઈની સાથે વેરવટ છે. સ્થાનિક ચોકીદારો પાસેથી ગુપ્ત માહિતી એકત્ર કરવાનું શરૂ કર્યું. જાણવા મળ્યું કે પીડિતા સાથે ખેતરમાં કામ કરતા કેટલાંક લોકો હતા.

જેઓ ગુનાનાં સાક્ષી હતા. પરંતુ તેઓ પોલીસ સાથે વાત કરતાં પણ ડરીને ભાગી ગયા હતા. અમે ગ્રામજનોને વિશ્વાસમાં લીધા અને તેઓમાંથી કેટલાંકને પ્રત્યક્ષદર્શી નિવેદનો આપવા માટે ખૂબ જ મહેનતથી સમજાવ્યા. તેઓએ ઓળખેલાં લોકોનાં નામ આપ્યા. તેમના ઠેકાણાની ચકાસણી કર્યા પછી, અમે તેમને કેસ સાથે જોડવામાં સક્ષમ હતા.આ એક કેસ ગુંચવાયેલા તંત્રની ગંભીરતા દર્શાવે છે,મેડમ સર અનેક સત્ય જે આશ્ચર્ય પમાડે તેવી ઘટનાઓ પ્રત્યક્ષ દેખાડવાનો અનુભવ કરાવે છે. આ પુસ્તકને આર કે રાઘવન અને જુલિયો રિબેરો - બંને ભૂતપૂર્વ IPS અધિકારીઓ અને રાજદ્વારીઓ દ્વારા પણ સમર્થન આપવામાં આવ્યું છે.

મંજરીની ગરિમા અને હિંમત તેમની સૌથી મોટી પ્રશંસા છે. તેણીએ નિ:શંકપણે એક ભારતીય મહિલામાં શ્રેષ્ઠ પ્રતિબિંબિત કર્યું છે.

આ એક એવું આત્મકથામૂલક પુસ્તક છે જે તમામ સ્તરે પોલીસ મહિલાઓએ વાંચવું જોઈએ, પ્રતિકૂળ વાતાવરણમાં તેમની ફરજો દરમ્યાન તેમાંથી મુક્ત થવા માટે ખૂબ જ જરૂરી પ્રેરણા મેળવવી જોઈએ. વધું પ્રસંગો ઉમેરી શકાયાં નથી પણ બિહારમાં પોલીસ તંત્રમાં ટકી રહેવું અને તેનાં અનુભવો લખવાં એ સહેલાં નથી. તેમને મેડમ સર તરીકે સંબોધનમાં ફકત બિહાર પોલીસ જ નહીં પણ કર્તવ્યને સલામ કરતી દરેક યુવતી માટે ગૌરવ છે!




# બૃહસ્પતિ પાસે સંજીવની વિદ્યા ન હતી- જયારે શુક્રાચાર્ય પાસે એ વિદ્યા હતી

સમુદ્રમંથન પછી વિજયની ઇચ્છાથી દેવતાઓએ અંગિરા ઋષિના પુત્ર બૃહસ્પતિને પુરોહિત બનાવ્યા- દાનવોએ શુક્રાચાર્યને પુરોહિત બનાવ્યા, આ બંને નિયમિત રીતે સ્પર્ધામાં રચ્યાપચ્યા રહેતા હતા. બૃહસ્પતિ પાસે સંજીવની વિદ્યા ન હતી- જયારે શુક્રાચાર્ય પાસે એ વિદ્યા હતી અને એના પ્રતાપે તેઓ યુદ્ધમાં મરી ગયેલા દાનવોને ફરી જીવતા કરી શકતા હતા. દુ:ખી થયેલા દાનવો બૃહસ્પતિ પુત્ર કચ પાસે ગયા અને શુક્રાચાર્ય પાસેથી એ વિદ્યા ગ્રહણ કરી લાવવા કહ્યું. રવીન્દ્રનાથ ઠાકુરે, મણિશંકર ભટ્ટે, કાન્તે આ વિષયવસ્તુ પર આધારિત રચનાઓ કરી છે. દેવતાઓએ શુક્રાચાર્યની યુવાન પુત્રી દેવયાનીની સહાય લેવા પણ કચને કહ્યું અને પછી કચ દેવતાઓની આજ્ઞા માથે ચડાવીને શુક્રાચાર્ય પાસે પહોંચી ગયો. શુક્રાચાર્યે તેને શિષ્ય તરીકે સ્વીકાર્યો અને બીજી બાજુ દેવયાનીની સેવા કરવા લાગ્યો. આમ કરતાં કરતાં વર્ષોનાં વર્ષો વીતી ગયાં. મહાભારતકાર તો અતિશયોકિત કરીને 500 વર્ષ વીત્યા એમ કહેશે. એક વેળા દાનવોએ કચનો પીછો કર્યો. સંજીવની વિદ્યા કોઇ પણ રીતે દેવો પાસે જવી ન જોઇએ એમ વિચારીને તેમણે કચને મારી નાખ્યો. ગાયો કચ વિના આવી એ જોઇને દેવયાનીએ પિતાને કહ્યું. કચ કેમ નથી આવ્યો, તેની હત્યા થઇ હોય એમ મને લાગે છે. હું તેના વિના જીવી નહીં શકું. પુત્રી પ્રત્યેના સ્નેહને કારણે શુક્રાચાર્યે સંજીવની વિદ્યાનો ઉપયોગ કરી કચને જીવતદાન આપ્યું. ફરી એક વાર દાનવોએ કચને મારી નાખ્યો, તેને સળગાવી દીધો અને તેની રાખ દારૂમાં ભેળવીને શુક્રાચાર્યને પીવડાવી દીધો. ફરી દેવયાનીએ પિતાને વિનંતી કરી. શુક્રાચાર્યે દેવયાનીને સમજાવવાનો બહુ પ્રયત્ન કર્યો પણ દેવયાની ન જ માની, તેણે તો પિતાને આત્મહત્યાની ધમકી આપી. છેવટે શુક્રાચાર્યે પોતાની પુત્રી પ્રત્યેના સ્નેહને કારણે ફરી કચને સાદ કર્યો. કચે શુક્રાચાર્યના ઉદરમાંથી ઉત્તર આપ્યો. હવે શું કરવું? તેમણે દેવયાની સમક્ષ પોતાની મુંઝવણ કહી. દેવયાની તો કચને અને પિતાને બંનેને જીવિત જોવા માગતી હતી એટલે શુક્રાચાર્યે કચને કહ્યું દેવયાની તને પ્રેમ કરે છે અને તું બૃહસ્પતિનો પુત્ર છે એટલે સંજીવની વિદ્યા તને શીખવાડું છું. તું મારું પેટ ફાડીને બહાર આવી અને પછી એ વિદ્યા વડે તું મને જીવિત કરજે. આમ શુક્રાચાર્ય જીવતા થયા. પણ પોતે મદિરા પીધી એનો રોષ તેમને બહુ સાલ્યો એટલે તેમણે કહ્યું હવેથી જે બ્રાહ્મણ મોહ પામીને મદિરા પીશે તેને બ્રહ્મહત્યાનું પાપ.

હવે કચ સ્વર્ગે જવા તૈયાર થયો, દેવયાનીએ તેને કહ્યું હવે તું મારી સાથે વિવાહ કર પણ કચ એ માટે તૈયાર ન હતો. તેણે તો કહ્યું, ‘‘તું શુક્રાચાર્યની પુત્રી અને તેઓ મારા ગુરૂ. આમ આપણો સંબંધ ભાઇબહેનનો કહેવાય.’’ ક્રોધે ભરાયેલી દેવયાનીએ કચને શાપ આપ્યો કે આ સંજીવની વિદ્યાનો પ્રયોગ તું કરી નહીં શકે. કચે પણ તેને સામો શાપ આપ્યો કે કોઇ ઋષિપુત્ર તારી સાથે લગ્ન નહીં કરે અને ભલે આ વિદ્યાનો પ્રયોગ હું કરી નહીં શકું પણ જેને શીખવાડીશ તે એનો પ્રયોગ કરી શકશે.

**અથ શ્રી મહાભારત કથા**
શિરીષ પંચાલ

> **દેવયાની અભિમાની તો હતી જ, હવે આ પ્રસંગે તે શર્મિષ્ઠાનું અપમાન કરવા તત્પર થઇ. રાજાને કહ્યું 1000 કન્યાઓ સાથે શર્મિષ્ઠા મારી દાસી બને અને મારા પિતા મને જયાં મોકલે ત્યાં મારી સાથે તે આવે**

બીજી તરફ દેવતાઓએ ઇન્દ્રને શત્રુઓનો નાશ કરવા વિનંતી કરી, ઇન્દ્ર વનમાં જઇ પહોંચ્યા અને ત્યાં સુંદરીઓને જોઇ તેમના વસ્ત્રો ઇન્દ્રે વાયુની સહાયથી એકબીજામાં ભેળવી દીધા. વૃષપર્વા રાજાની પુત્રી શર્મિષ્ઠાએ ભૂલભૂલમાં દેવયાનીનું વસ્ત્ર પહેરી લીધું. અહીં આપણને પ્રશ્ન થાય કે ઇન્દ્રે આવું કરવાની કઇ અનિવાર્યતા હતી? તેનું વિષયાસક્ત ચિત્ત જ આને માટે જવાબદાર. દેવયાની આને કારણે ચિડાઇ અને તેને ઠપકો આપ્યો. ત્યારે શર્મિષ્ઠાએ કહ્યું તારા પિતા તો મારા પિતાની સ્તુતિ ભાટચારણની જેમ કર્યા કરે છે. તું દાન લેનારની પુત્રી અને હું દાન આપનારની પુત્રી.

આ બંને સ્ત્રી અભિમાની હતી. પછી ચિડાઇને શર્મિષ્ઠાએ દેવયાનીને ધક્કો મારીને કૂવામાં નાખી દીધી. તેણે માની લીધું કે દેવયાની મૃત્યુ પામી.

એ દરમિયાન યયાતિ નામનો રાજા મૃગયા માટે તે વનમાં આવ્યો અને પાણીની શોધ કરવા જતા એક નિર્જલ કૂવો અને તેમાં પડેલી કોઇ કન્યાને જોઇ. તેનો પરિચય પૂછયો એટલે દેવયાનીએ પોતાનો પરિચય આપ્યો અને કહ્યું તમે મારો જમણો હાથ પકડીને બહાર કાઢો, યયાતિએ તેને બહાર કાઢી.

દેવયાનીએ એક દાસીને શુક્રાચાર્ય પાસે મોકલી અને કહેવડાવ્યું કે હવે હું રાજા વૃષપર્વાના રાજયમાં નહીં રહું. શુક્રાચાર્યે દેવયાનીને ધીરજ બંધાવી અને દેવયાનીએ શર્મિષ્ઠાએ કરેલી બધી વાત જણાવી. છેવટે શુક્રાચાર્યે પુત્રીની વાત સ્વીકારી અને અસુરરાજ પાસે જઇને વિદાય માગી. રાજા એ માટે તૈયાર ન હતા એટલે છેવટે શુક્રાચાર્યે પોતાની પુત્રીને પ્રસન્ન કરવા રાજાને કહ્યું. દેવયાની જે કહે તે બધું કરવાની તૈયારી બતાવી. દેવયાની અભિમાની તો હતી જ, હવે આ પ્રસંગે તે શર્મિષ્ઠાનું અપમાન કરવા તત્પર થઇ. રાજાને કહ્યું 1000 કન્યાઓ સાથે શર્મિષ્ઠા મારી દાસી બને અને મારા પિતા મને જયાં મોકલે ત્યાં મારી સાથે તે આવે. રાજાએ શર્મિષ્ઠાને બોલાવી. શર્મિષ્ઠાને હવે પસ્તાવો પણ થયો. તે દેવયાની જે કહે તે કરવા તત્પર થઇ.

એટલે દેવયાની રીઝી પણ આટલું બધું અભિમાન શા કારણે? એ અભિમાને જ કચને શાપ અપાવ્યો.

### હવે મહાભારતકાર કઇ યોજના કરશે?

દેવયાની રમત રમવા માટે શર્મિષ્ઠા અને તેની દાસીઓ સાથે વનમાં ગઇ. તે જ વેળા યયાતિ મૃગયા માટે આવી ચઢયો. આ મહાકાવ્ય છે એટલે પાત્રોને ભેગા કરવા આવી આકસ્મિક યોજનાઓ કરવી પડે છે. યયાતિએ આ સમગ્ર સ્ત્રી પરિવારને જોયો. તેમાં શર્મિષ્ઠાનું વર્ણન જુઓ. યયાતિએ પહેલા શર્મિષ્ઠાને જોઇ અને પછી દેવયાનીને જોઇ. પાસે જઇને રાજાએ પરિચય આપ્યો. યયાતિને જિજ્ઞાસા થઇ કે આ રાજકન્યા શર્મિષ્ઠાદાસી કેવી રીતે? દેવયાનીએ યયાતિ સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂકયો. પણ રાજા થોડી અવઢવમાં હતા. તેણે શુક્રાચાર્ય પુત્રી દેવયાની આગળ પોતાનો સંકોચ કહ્યો.

દેવયાનીએ પોતાના પિતા આગળ પાછલી બધી વાતો કરી. ઋષિએ પ્રસન્નતાપૂર્વક દેવયાની યયાતિના લગ્નને સંમતિ આપી, સાથે સાથે ચેતવણી આપી કે શર્મિષ્ઠા સાથે કદી ભોગવિલાસ નહીં કરવાનો. આમ યયાતિ દેવયાનીને તથા દાસી બનેલી શર્મિષ્ઠાને લઇને પોતાની રાજધાનીમાં આવ્યા. દેવયાનીને ઉચિત સન્માન આપ્યું.